તળાવ સાફ નહીં થાય તો વોટ નહીં | વોર્ડ નં. ૧૨ના 'દુનિયું તળાવ'માં જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય

# નડિયાદમાં ગંદકીથી ત્રસ્ત જનતાએ રણશિંગુ ફૂંક્યું

**મચ્છરોના** ત્રાસથી લોકોનું જીવવું દુષ્કર, તંત્રની ઘોર બેદરકારી સામે રોષનો જ્વાળા ભડક્યો



(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

નડિયાદ મનપાના વોર્ડ નંબર 12માં આવેલું દુનિયું તળાવ આજે વિકાસના દાવાઓ વચ્ચે ગંદકી અને રોગચાળાનું કેન્દ્ર બન્યું છે. છેલ્લા ઘણા સમયથી તળાવમાં ઉગી નીકળેલી જંગલી વનસ્પતિ અને વેલાઓએ આખા તળાવને ભરડો લીધો છે, જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ એટલી હદે વધી ગયો છે કે સ્થાનિક રહીશો માટે હવે ઘરમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે. વારંવારની લેખિત અને ઓનલાઈન રજૂઆતો છતાં તંત્રના 'બહેરા કાને' અથડાઈને પાછી આવતી ફરિયાદોથી કંટાળીને હવે રહીશોએ આક્રમક મૂડ અપનાવ્યો છે. જો તળાવ સાફ નહીં થાય, તો આગામી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવામાં આવશે તેવી કડક ચીમકી સ્થાનિકોએ ઉચ્ચારી છે.

નડિયાદ શહેરની અંબિકા સોસાયટી અને ઉત્તરસંડા રોડ આસપાસના રહીશોના જણાવ્યા અનુસાર, મચ્છરોનો ત્રાસ એટલો ભયાનક છે કે સાંજે 7 વાગતા જ ફરજિયાત બારી-બારણાં બંધ કરી દેવા પડે છે. નાના બાળકો કે વૃદ્ધો ઘરની બહાર નીકળી શકતા નથી. ગંદકીના સામ્રાજ્યને કારણે વિસ્તારમાં રોગચાળો ફેલાવાની પૂરેપૂરી દહેશત છે અને અનેક લોકો બીમારીનો ભોગ પણ બની રહ્યા છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં ગાંધીનગર સુધીની રજૂઆતો બાદ પણ પાલિકા તંત્રના પેટનું પાણી હલતું નથી.

સ્થાનિકોમાં ભારે રોષ છે કે ચૂંટણી સમયે મત માટે આવતા નેતા અત્યારે મુસીબતના સમયે ક્યાંય દેખાતા નથી. લોકોનો આક્ષેપ છે કે બાજુના વોર્ડ નંબર 13માં સફાઈ વ્યવસ્થિત થાય છે, પરંતુ વોર્ડ 12 સાથે ઓરમાયું વર્તન કરવામાં આવે છે. આ સ્થિતિમાં હવે પ્રજા આરપારની લડાઈ લડવા તૈયાર થઈ છે.

### 'કમિશનર સાહેબ, અહીં ભોજન કરી જુઓ'

વોર્ડ નંબર 12ના કોર્પોરેટર હાર્દિક ભટ્ટે પ્રજાની વેદનાને સમર્થન આપતા પાલિકા કમિશનરને ખુલ્લો પડકાર ફેંક્યો છે. તેમણે જણાવ્યું કે, આ કોઈ રાજકીય પ્રશ્ન નથી, પરંતુ પ્રજાની પ્રાથમિક સુવિધાનો સવાલ છે. કમિશનર રાત્રિના સમયે આ વિસ્તારની મુલાકાત લઈ ત્યાં ભોજન કરવા બેસે, તો જ તેમને મચ્છરોના ત્રાસની વાસ્તવિકતાનો અહેસાસ થશે. તેમણે સ્ટ્રીટ લાઈટ અને તળાવની બાકી રહેલી દીવાલ તાત્કાલિક બનાવવા પણ માંગ કરી છે.

### રસ્તા રોકો આંદોલન અને ચૂંટણી બહિષ્કારનો નિર્ધાર

સ્થાનિક રહીશ વિક્રાંત અને અંબિકા સોસાયટીની મહિલાઓએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો તળાવની સફાઈનો પ્રશ્ન સત્વરે હલ કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. લોકો રસ્તા પર ઉતરીને 'રસ્તા રોકો આંદોલન' કરશે અને આગામી કોઈપણ ચૂંટણીમાં મતદાન નહીં કરીને તંત્રની નિષ્ક્રિયતાનો જડબાતોડ જવાબ આપશે.

# ઉમેટા પાસે નદીના પુલ પરથી યુવકે મોતની છલાંગ લગાવી

**મોડી રાત્રે** શોધખોળ નિષ્ફળ રહ્યા બાદ સવારે બોટ અને તરવૈયાઓની મદદથી લાશ મળી



(પ્રતિનિધિ) આણંદ તા.૯

કરમસદ-આણંદ ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસીસ દ્વારા ઉમેટા નજીક મહીસાગર નદીમાં ઝંપલાવનાર યુવકનો મૃતદેહ શોધવા માટે સફળ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તારીખ ૦૮/૦૮/૨૦૨૬ના રોજ મોડી રાત્રે મળેલી માહિતી બાદ ફાયર વિભાગની ટીમે સતત જહેમત ઉઠાવી યુવકના મૃતદેહને શોધી કાઢ્યો હતો.

આ ઘટનાની વિગત મુજબ, ગત રાત્રે ૦૦:૧૦ કલાકે આણંદ ફાયર કંટ્રોલ રૂમને કોલ મળ્યો હતો કે એક વ્યક્તિએ ઉમેટા પાસેના મહીસાગર નદીના પુલ પરથી પડતું મૂક્યું છે. આણંદ ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ સબ ફાયર ઓફિસર હિંમત ભુરીયા, હર્ષિલ પટેલ, હિતેશ વસાવા અને અન્ય જવાનોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, રાત્રિના સમયે અંધકાર હોવાને કારણે શોધખોળમાં સફળતા મળી ન હતી.

જોકે, રવિવારની વહેલી સવારે ફરીવાર સબ ઓફિસર અબ્દુલ ભથાણીયાની આગેવાનીમાં ટીમ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. બોટ અને કુશળ તરવૈયાઓની મદદથી નદીમાં સઘન શોધખોળ હાથ ધરતા આશરે ૨૨ વર્ષીય સુનિલકુમાર રમેશભાઈ પઢીયારનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. આ ઓપરેશનમાં વનરાજ ડામોર, અનીશ નિસરતા અને રોશન ડાંગી સહિતના ફાયર કર્મીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# આણંદમાં ચણાના વેપારમાં ૭.૨૫ લાખની છેતરપિંડી

**તારાપુરના** વેપારીને ચેકનો ફોટો મોકલી વિશ્વાસમાં લીધા બાદ નાણાં ન ચૂકવ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદના સામરખા ખાતે આવેલા એક કોલ્ડ સ્ટોરેજમાંથી લાખો રૂપિયાના ચણાનો માલ મેળવી વેપારી સાથે વિશ્વાસઘાત કરવાની ઘટના સામે આવી છે. બોપલના વેપારીએ તારાપુરના અનાજના વેપારી પાસેથી રૂ. 7.25 લાખથી વધુની કિંમતના ચણા ખરીદ્યા બાદ પેમેન્ટ ન ચૂકવી છેતરપિંડી આચરતા આણંદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

તારાપુરના અનાજના વેપારી વિનોદચંદ્ર માણેકલાલ ઠક્કરના સામરખા સ્થિત 'જય સોમનાથ એગ્રો કોલ્ડ સ્ટોરેજ'માં રહેલા 219 કટ્ટા (અંદાજે 11,170 કિલો) ચણાનો સોદો બોપલ ખાતે રહેતા વેપારી રિકીન જીતેન્દ્રભાઈ રાવલ સાથે થયો હતો. આ માલની કુલ કિંમત રૂ. 8,15,410 નક્કી કરવામાં આવી હતી. રિકીન રાવલે એડવાન્સ પેટે રૂ. 50 હજાર અને બાદ રૂ. 40 હજાર એમ મળીને કુલ રૂ. 90 હજાર ચૂકવ્યા હતા. બાકી નીકળતી રૂ. 7,25,410 ની રકમ માટે રૂ. 8 લાખનો ચેક લખી તેનો ફોટો પાડી વેપારીને મોકલી આપી વિશ્વાસમાં લીધા હતા. જોકે, માલ મેળવી લીધા બાદ લાંબો સમય વિતવા છતાં નાણાં ન ચૂકવી વાયદાઓ કરી છેતરપિંડી આચરી હતી. આ અંગે વિનોદચંદ્રએ ફરિયાદ નોંધાવતા પોલીસે રિકીન રાવલ સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહેમદાવાદના ઘોડાસરની કંપનીઓએ પંચાયતનો ૧.૩૮ કરોડનો વેરો ડુબાડ્યો

# મહેમદાવાદના ૧૧ ઔદ્યોગિક એકમના પ્રદૂષણ સામે ગ્રામજનોમાં રોષ ભડક્યો

**શ્રમિકોના** દસ્તાવેજોના અભાવે સુરક્ષાનો મોટો પ્રશ્ન ઊભો થયો



(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

મહેમદાવાદ તાલુકાના ઘોડાસર ગામમાં સ્થાનિક ઔદ્યોગિક કંપનીઓ દ્વારા ફેલાવવામાં આવતા પ્રદૂષણ અને ગ્રામ પંચાયતના બાકી વેરાના મુદ્દે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પર્યાવરણના નિયમોનો સરેઆમ ભંગ કરી રહેલી ૧૧ થી વધુ કંપનીઓ સામે કડક પગલાં લેવાની માંગ સાથે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. આ એકમોએ સ્થાનિક તંત્રને અંધારામાં રાખીને ગંભીર ગેરરીતિઓ આચરી હોવાના આક્ષેપો પણ થયા છે.

મહેમદાવાદના ઘોડાસર ગામની આસપાસ કાર્યરત ૧૧ થી વધુ કંપનીઓ દ્વારા હવા અને જમીનનું મોટા પાયે પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે, જેના કારણે ગ્રામજનોના સ્વાસ્થ્ય અને ખેતી પર ગંભીર અસરો પડી રહી છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમોને નેવે મૂકીને ચાલતા આ એકમોને કારણે લોકોમાં જીવલેણ બીમારીઓનો ભય વ્યાપ્યો છે. પ્રદૂષણની સાથે આ કંપનીઓએ આર્થિક ગેરરીતિ પણ આચરી છે. ઓમ એન્ટરપ્રાઈઝ, કલ્પસર લેમ પ્રા લિમિટેડ, સુરાણી પ્લાય, મુખ્તાર એન્જિનિયરિંગ, હાઈગ્રીપ એન્ડ એલએલપી, ડાયનેમિક રબ્બર અને કૈલાશ વુડ પ્રોડક્શન જેવી કંપનીઓ પાસે ગ્રામ પંચાયતનો કુલ ૧ કરોડ ૩૮ લાખ રૂપિયાનો વેરો બાકી છે. વારંવાર નોટિસ આપવા છતાં વેરો ન ભરાતા પંચાયતના વિકાસકામો અટકી પડ્યા છે. વધુમાં, કંપનીઓમાં કામ કરતા શ્રમિકોના આધારકાર્ડ કે ઓળખના પુરાવા પણ જમા કરાવવામાં આવ્યા નથી, જે સુરક્ષા માટે જોખમી છે.

# બોરસદના બંધ મકાનમાંથી ૧.૭૭ લાખની મત્તા ચોરાઈ

**મકાનમાલિક** પુત્રના ઘરે ગાંધીનગર ગયા હોવાનો તસ્કરોએ લાભ ઉઠાવ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૯

બોરસદ શહેરની સારથિ નગર સોસાયટીમાં તસ્કરોએ આતંક મચાવ્યો છે. સોસાયટીના મકાન નંબર ૨૩ ને નિશાન બનાવી અજાણ્યા ચોરો લોખંડની જાળીનું તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા અને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧.૭૭ લાખની ચોરી કરીને ફરાર થઈ ગયા છે.

બોરસદ શહેરની સારથિ નગર સોસાયટીમાં રહેતા શનાભાઈ મોતીભાઈ સોલંકી (ઉ.વ. ૭૨) સાફ-સફાઈ માટે વતન બદલપુર ગયા બાદ ગાંધીનગર પુત્રના ઘરે રોકાયા હતા. શનિવારે બપોરે પરત ફરતા ઘરનો સામાન વેરવિખેર અને તિજોરી ખુલ્લી જોવા મળી હતી.

આ અંગે તપાસ કરતાં તસ્કરો તિજોરીમાંથી ૪ તોલા સોનાની બંગડીઓ, સોનાની ચેઈન, પેન્ડન્ટ, ૬ વીંટીઓ, ચાંદીના દાગીના અને રૂ. ૩૫,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી ગયા છે. આ મામલે બોરસદ ટાઉન પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની પ્રાથમિક તપાસમાં તસ્કરોએ મકાનની લોખંડની જાળીનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરીમાંથી સોના -ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ અંગે તસ્કરોનું પગેરૂ મેળવવા પોલીસે ફિંગર પ્રિન્ટ એક્સપર્ટ અને ડોગ સ્કવોર્ડની મદદ લીધી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહીસાગર જિલ્લાની શાળાઓમાં 'નિપુણ ગુજરાત અભિયાન'નો વેગ મળ્યો



**લુણાવાડા** | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે બાલવાટિકાથી ધોરણ-૫ ના બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN) વિકસાવવા માટે જિલ્લામાં વિશેષ કવાયત હાથ ધરવામાં આવી છે. કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓની ટીમે શાળાઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પાયાના શિક્ષણમાં નિપુણ બનાવવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું છે. જિલ્લામાં ગુજરાતી અને ગણિત વિષયનું બેઝલાઈન સર્વેક્ષણ પૂર્ણ કરી દરેક વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિની નોંધ વિશેષ ટ્રેકરમાં કરી તેનું સઘન મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

### નડિયાદની સલુણ શાળામાં યોજાયેલા બાળમેળામાં બાળકોએ કલા પ્રદર્શિત કરી



**નડિયાદ** | સલુણ સ્થિત વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળામાં બાળકોની સુષુપ્ત શક્તિઓના વિકાસના ઉમદા હેતુથી બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બાળકોએ વેશભૂષા, ચિત્રકામ, કાગળકામ, રંગપૂરણી અને કોલાઝવર્ક જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આચાર્ય સંજય વાઘેલાએ બાળકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે આવા કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓ પોતાની છુપાયેલી પ્રતિભાને બહાર લાવી શકે છે. વિવિધ શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ પોતાની આવડતનું પ્રદર્શન કર્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના બાકરોલની એસપીસીએમ કોલેજમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ



**આણંદ** | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટના કલ્ચરલ સેલ દ્વારા ગુરુપૂર્ણિમાના પાવન અવસરે વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ કૌશલ્ય ખીલવવા માટે સ્પર્ધાનું સફળ આયોજન થયું હતું. આ સ્પર્ધામાં પ્રીત દરજીએ પ્રથમ, હિના સેનવાએ દ્વિતીય તેમજ તનવી રાશેખ અને જ્યોતિ વર્માએ સંયુક્ત રીતે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. નિર્ણાયક તરીકે ઉપસ્થિત રૂપલ વોરા અને કોમલ મિસ્ત્રીએ વિદ્યાર્થીઓની વિષય સમજ અને અભિવ્યક્તિના આધારે નિષ્પક્ષ મૂલ્યાંકન કરી પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને ટ્રસ્ટીગણે વિજેતા થયેલા તમામ વિદ્યાર્થીઓને તેમની ઝળહળતી સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### અલ્પેશ એન. પટેલ પીજી ઇન્સ્ટિટ્યૂટમાં 'ઇનોવેશન અને ફ્યુચર-રેડી સ્કિલ્સ' પર વ્યાખ્યાન યોજાયું



**આણંદ** | આણંદ સ્થિત અલ્પેશ એન. પટેલ પીજી ઇન્સ્ટિટ્યૂટમાં વુમન પ્રોટેક્શન એન્ડ ડેવલપમેન્ટ સેલ દ્વારા અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે વિશેષ શૈક્ષણિક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. યુકેની યુનિવર્સિટી ઓફ બ્રેડફોર્ડના રિસર્ચ આસિસ્ટન્ટ ધીમાહી વસાવડાએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી વૈશ્વિક સંશોધન ક્ષેત્રે કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. વક્તાએ 'Beyond the Bench' વિષય હેઠળ વિદ્યાર્થીઓને ઇનોવેશન, ટેક્નોલોજી અને ભવિષ્ય માટે જરૂરી આધુનિક કૌશલ્યો કેળવવા માટે પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમના અંતે યોજાયેલ પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### આણંદના ચિત્રકાર અશોક ખાંટને 'નેશનલ આઈકોન એવોર્ડ ૨૦૨૬' થી સન્માનિત કરાયા



**આણંદ** | નવી દિલ્હીમાં આરોગ્ય દર્પણ દ્વારા આયોજિત 'નેશનલ કોન્ક્લેવ - ડેવલપ્ડ ઈન્ડિયા 2047' કાર્યક્રમમાં આણંદના જાણીતા ચિત્રકાર અશોક ખાંટને પ્રતિષ્ઠિત 'નેશનલ આઈકોન એવોર્ડ 2026' અર્પણ કરવામાં આવ્યો છે. કેબિનેટ સચિવ સૌરભ તિવારી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કલા અને રાષ્ટ્રનિર્માણના ક્ષેત્રે તેમના વિશિષ્ટ યોગદાન બદલ આ ગૌરવવંતું સન્માન કરવામાં આવ્યું હતું. મૂળ સૌરાષ્ટ્રના વતની અને પાંચ દાયકાથી આણંદમાં સ્થાયી થયેલા અશોક ખાંટને રાષ્ટ્રીય સ્તરે મળેલી આ સિદ્ધિ સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે.

### આણંદ શહેરની ડીએન હાઈસ્કૂલ ખાતે કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો



**આણંદ** | આણંદ લો કોલેજની વુમન સેલ દ્વારા ડી. એન. હાઈસ્કૂલમાં મહિલા સુરક્ષા અને સન્માનના હેતુથી POSH Act-2013 પર જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આંતરિક ફરિયાદ સમિતિની ભૂમિકા અને જાતીય સતામણી નિવારણની કાયદાકીય જોગવાઈઓ અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મેઘા જોષી અને કોમલ અરોરાના સંકલન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. આ સફળ આયોજન બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ અને આચાર્ય ગિરીશભાઈ પટેલે શુભકામનાઓ પાઠવી હતી.

### નડિયાદમાં 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત 'મહિલા કર્મયોગી દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ



**નડિયાદ** | નડિયાદની સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત 'મહિલા કર્મયોગી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અભયમ ૧૮૧ અને ચાઈલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ના અધિકારીઓએ વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા, કાનૂની અધિકારો અને વિવિધ સહાય સેવાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્યા ડો. પ્રીતિબેન રાઠોડ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી સુરક્ષિત સમાજ માટે જાગૃતિનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

### ખેડા જિલ્લા ચેસ સ્પર્ધામાં એસ.સી. દાણી સ્કૂલનો વિદ્યાર્થી દ્વિતીય ક્રમે વિજેતા બન્યાં



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.સી. દાણી સ્કૂલના વિદ્યાર્થી પટેલ કર્મ અનિલકુમારે જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ઝળકીને તેણે શાળા અને સમગ્ર પંથકનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીની આ ગૌરવશાળી સિદ્ધિ બદલ કપડવંજ કેળવણી મંડળ અને સમગ્ર શાળા પરિવાર દ્વારા તેને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ સફળતાથી સંસ્થાના શૈક્ષણિક અને રમતગમત ક્ષેત્રના પ્રોત્સાહનની ચારેતરફ પ્રશંસા થઈ રહી છે.

### બીવીએમના 21 વિદ્યાર્થીઓએ રશિયાની UrFU સમર યુનિવર્સિટી-2026માં સફળતા મેળવી



**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની બીવીએમ એન્જિનિયરિંગ કોલેજના ૨૧ વિદ્યાર્થીઓએ રશિયાના યેકાતેરિનબર્ગ ખાતે યોજાયેલા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લઈ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી છે. ૨૨ દેશોના ૪૩૦ વિદ્યાર્થીઓ સાથે BVMના આ પ્રતિનિધિઓએ AI, ન્યુક્લિયર ટેક્નોલોજી અને મેનેજમેન્ટ જેવા અત્યાધુનિક વિષયોમાં વિશ્વસ્તરીય પ્રાયોગિક અનુભવ પ્રાપ્ત કર્યો છે. સીવીએમના ચેરમેન એન્જિ. ભીખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ડો. કૌશિકા પટેલના નેતૃત્વમાં ઇન્ટરનેશનલ કોલેબોરેશન સેલ (ICC) દ્વારા આ સમગ્ર આંતરરાષ્ટ્રીય પ્રવાસનું સફળ આયોજન કરાયું હતું.

### આણંદ જિલ્લા પુસ્તકાલયમાં એઆઈની નોકરીઓ પર અસર વિશે માર્ગદર્શન અપાયું



**આણંદ** | સરકારી જિલ્લા પુસ્તકાલય આણંદ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી 'યુવા સંવાદ'નું આયોજન કરી યુવાનોને વિવિધ પ્રસ્તુત વિષયો પર માર્ગદર્શન અપાયું હતું. મુખ્ય વક્તા ડો. અજયસિંહ ચૌહાણે એઆઈની નોકરીઓ પર અસર, સરકારી પરીક્ષાની તૈયારી અને રોબોટિક્સ ટેક્નોલોજી જેવા વિષયો પર યુવાનો સાથે સીધો સંવાદ કર્યો હતો. 'જેન ઝી' પેઢીને ટેક્નોલોજીના દૂષણોથી દૂર રહી પુસ્તક વાંચનની ટેવ પાડવા અને સાહિત્યમાં સર્જનાત્મકતા કેળવવા માટે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

### લુણાવાડાની નાળના મુવાડા પ્રાથમિક શાળામાં બાળ સંસદની અનોખી ચૂંટણી યોજાઈ



**લુણાવાડા** | લુણાવાડાની નાળના મુવાડા પ્રાથમિક શાળામાં શિક્ષક ચિરાગ પંચાલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ની બાળ સંસદની ચૂંટણી ઇવીએમ મોબાઈલ પદ્ધતિથી આધુનિક રીતે યોજવામાં આવી હતી. લોકશાહી પ્રણાલી અને મતદાનનું મહત્વ સમજાવવાના હેતુથી યોજાયેલી આ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ ટેક્નોલોજીના માધ્યમથી અત્યંત ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણીના પરિણામોમાં ધોરણ-૫ના વિદ્યાર્થી માછી કેવિનકુમાર મહામંત્રી તરીકે અને માછી દેવાંસીબેન ઉપમહામંત્રી તરીકે વિજેતા બન્યા હતા.